બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ-૨

કુલ ગુણ - ૧૦૦

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, સાતમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. **"મહારાજે આપણી બહુ જ રક્ષા કરી છે." (૨૫/૭૫)** શાંતિબા (સુરા ખાચરનાં પત્ની) - સુરાખાચરને
ચોરાયેલો પટારો અકબંધ હતો તે ઘરે લાવ્યા ત્યારે શાંતિબાએ સુરા ભક્તને આ વાક્ય કહ્યું.

૨. **"આજે મોડું કેમ થયું છે ?" (૩/૧૦)** મહારાજ - ઉકાખાચરને
શ્રીજીમહારાજને સભા કરવા માટે બેસવાના ઓટા પર કૂતરાએ મળ કરીને બગાડ્યું હતું. ઉકા ખાચરે આ જોયું કે તરત જ કાંઈ પણ બોલ્યા સિવાય સાવરણી અને પાણી લઈને ઓટો સાફ કરી નાખ્યો. ઘેલામાં સ્નાન કરીને મહારાજનાં દર્શન કરવા આવ્યા. તેમની સેવાનું વૃત્તાંત અન્ય હરિભક્તોને જણાવવા માટે શ્રીજીમહારાજ ઉકાખાચરને આ પ્રશ્ન કરે છે.

૩. **"સાંખ્યયોગી, કર્મયોગી સર્વે હરિજન નીકળજો, અમારું ગમતું છે." (૪/૧૨)** કલ્યાણદાસ - મહારાજને
શ્રીજીમહારાજે પૂછ્યું : આ કલ્યાણદાસનું નામ કાગળમાં ક્યાં હતું ? તે કેમ આવ્યા છે ? ત્યારે

પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)

૧. **કુબેરદાસને સાધુ થવાની ઈચ્છા હોવા છતાં શ્રીજીમહારાજે તેમને ગૃહસ્થાશ્રમમાં રાખ્યા. (૪/૧૩)**
કલ્યાણદાસ દીક્ષા લઈ અદ્‌ભૂતાનંદ સ્વામી બન્યા. મહારાજની આજ્ઞાથી તેઓ પોતાના વતન કડુ અને સસરાના ગામ મેથાણમાં જઈને ભિક્ષા માગી આકરી કસોટીમાંથી પસાર થયા. તેમનાં પત્નીએ જીવનપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને પ્રભુક્તિમાં જીવન વ્યતીત કર્યું. પરંતુ તેમના ભાઈ વજુભાઈ તેમને ઘેર તેડી લાવવાના આશયથી વરતાલ આવ્યા. સ્વામીએ તેમને પાંચ દિવસ રોકી વૈરાગ્યની એવી વાતો કરી કે તેઓએ ત્યાં જ દીક્ષા લઈ લીધી. તેમનું નામ નિષ્કામાનંદ પાડ્યું. વજુભાઈ ઘેર ન આવતાં બીજાભાઈ વિઠ્ઠલભાઈ તેમને લેવા ગયા. તેમનું અંતર પણ સ્વામીની વાતોથી વીંધાઈ ગયું. તેઓ પણ દીક્ષા લઈ ચૈતન્યાનંદ સ્વામી (નાના) બન્યા. ચોથાભાઈ કુબેરદાસ પણ ઉદાસ થઈ ગયા હતા પણ સમગ્ર કુટુંબનો ભાર તેમને શિરે હોવાથી શ્રીજીમહારાજે તેમને ગૃહસ્થાશ્રમમાં જ રાખ્યા.

૨. **ડોસાભાઈ ભગવાં વસ્ત્ર પહેરી ગઢડા આવ્યા. (૨૮/૮૪)**
બંધિયાના વાણિયાઓ જાન લઈને ગયા હતા. માર્ગમાં ગઢડામાં મહારાજને મળ્યા. મહારાજે ડોસાભાઈના સમાચાર પૂછ્યા ત્યારે વાણિયાઓએ કહ્યું, ડોસાભાઈ તો ચોટલી સુધી સંસાર-વહેવારમાં ડૂબ્યાં છે. તે ભગવાન ભજવા નવરા થતા જ નથી. ત્યારે મહારાજે કહ્યું : જો ડોસાભાઈને સાધુ કરીએ તો તમે સત્સંગી થશો ? પરિસ્થિતિથી વાકેફ વાણિયાઓએ હા પાડી. તેમના ગયા પછી મહારાજે ભગુજીને ચિઠ્ઠિ આપી બંધિયા મોકલ્યા. ભગુજીએ ચિઠ્ઠી ડોસાભાઈને આપી. ચિઠ્ઠિમાં લખ્યા મુજબ ડોસાભાઈ ભગવાં વસ્ત્ર પહેરી ગઢડા આવ્યા.

૩. **શ્રીજીમહારાજની આજ્ઞા હોવા છતાં નિષ્કુળાનંદ સ્વામી સ્ત્રીઓની સભામાં વાતો કરવા ન ગયા. (૧/૬)**
શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું છે કે નૈષ્ઠિક બ્રહ્મચારીએ સ્ત્રીનો સ્પર્શ ન કરવો, તેની સાથે બોલવું નહિ, આસક્ત દૃષ્ટિએ સન્મુખ જોવું નહિ, તેની વાર્તા ન કરવી અને ન સાંભળવી. સ્ત્રીઓની અવરજવર હોય તેવા સ્થાનમાં સ્નાનાદિ માટે ન જવું. નૈષ્ઠિક બ્રહ્મચારીએ રાધિકાજી, લક્ષ્મીજી આદિ દેવીઓની પ્રતિમા-મૂર્તિ સિવાય અન્ય પ્રતિકૃતિનો સ્પર્શ ન કરવો. એ રીતે પોતાના અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યની રક્ષા કરવી. સ્ત્રીને ઉદ્દેશીને દૂર રહેલી સ્ત્રીઓ સાંભળે એવા આશયથી પણ પુરુષ આગળ ભગવત્‌વાર્તા ન કરવી. તેથી મન દૂષિત થાય અને નૈષ્ઠિક વ્રતમાં દોષ આવે. નૈષ્ઠિક બ્રહ્મચારીએ પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય તેવું વચન ગુરુનું પણ ન માનવું. સ્મૃતિવચન છે કે सर्वथा पालनीयैव शिष्यैराज्ञा गुरोरिह। ગુરુની આજ્ઞા શિષ્યોએ સર્વ પ્રકારે પાળવી. આવા વચનને લક્ષ્યમાં રાખીને શ્રીજીમહારાજ સ્પષ્ટ કહે છે : ગુરુનું વચન, બ્રહ્મચર્ય ભંગ થાય તેવું હોય તો ગમે તેવા સંજોગોમાં મહિમા સમજીને પણ ન જ માનવું. શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને સ્ત્રીઓની સભામાં વાતો કરવા જવા કહ્યું. પણ નિષ્કુળાનંદ સ્વામી ન ગયા. શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને બોલાવી કહ્યું : 'મુનિ ! તમે અમારી આજ્ઞા નથી પાળતા તેથી વિમુખ કરવા પડશે.' ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ વિનયપૂર્વક હાથ જોડી કહ્યું : 'મહારાજ ! તમારી આજ્ઞા લોપી વિમુખ થવા તૈયાર છું, પણ સ્ત્રીઓની સભામાં જઈ મારા ધર્મમાંથી ભ્રષ્ટ થઈ વિમુખ થવું નથી.' આવા દૃઢ વચન સાંભળી મહારાજ નિષ્કુળાનંદ સ્વામી ઉપર અત્યંત પ્રસન્ન થયા.

૪. ટરોરોમાં કાળમીંઢ જેવા અસંખ્ય જીવો સત્સંગી થયા. (૩૩/૯૬-૯૭)

જ્યાં સત્સંગનો લેશમાત્ર યોગ નહિ ને જ્યાં દારૂનો પાણીની જેમ ઉપયોગ થતો તેવા ટરોરો ગામમાં તેમની (મગનભાઈ) બદલી થઈ. સત્સંગનો રંગ ન જોતાં તેઓ મૂંઝાયા, કારણ કે અગાઉ હરમાનભાઈ પણ અહીં આવી ગયેલા પણ ત્યાં સત્સંગ કરાવવાના તેમના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. શાસ્ત્રીજી મહારાજે ફરી આશીર્વાદ આપ્યા : 'પ્રયત્ન કરો સત્સંગ થશે.' અને ખરેખર ક્યાંય ન થાય તેવો સત્સંગ યુગાન્ડાના પ્રવેશદ્વાર ટરોરોમાં થયો. કાળમીંઢ જેવા અસંખ્ય જીવોનું પરિવર્તન જે અશક્ય હતું, તે જીવોને સત્સંગમાં રસ લેતા તેમણે કર્યા. ટરોરોમાંથી આખા યુગાન્ડામાં સત્સંગ ફેલાયો. તેઓ પોતાના અદ્‌ભૂત આત્મબળને પ્રતાપે તથા ગુરુહરિના કૃપાબળે દરેકમાં ધાર્યું પરિવર્તન લાવી શકતા. आत्मवत् सर्वभूतेषु એવી ભાવના સર્વ હરિભક્તો પ્રત્યે તેમને હતી. અતિશય પ્રેમના પ્રવાહમાં હરિભક્તોથી છૂટા પડતાં, ચોધાર આંસુએ રડતાં તેઓને ઘણાએ નિહાળ્યા છે.

પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)

૧. મૂળજી અને કૃષ્ણજી (૨૯/૮૬) અથવા કચ્છમાં માનકૂવા ગામના બે બ્રાહ્મણો મૂળજી અને કૃષ્ણજી. મહારાજ માનકુવામાં. એક દિવસ કાતર લઈને બેઠા અને કહે જે અમારા ખરેખરા સત્સંગી હોય તે અહીં આવો અમારે ત્યાગી કરવા છે. બધા ઉઠી ગયા. કોઈ ગયું નહિ. મૂળજી અને કૃષ્ણજી ખેતરે ગયા હતા. તેમણે આ વાત જાણી. ત્યાંથી આવીને તરત મહારાજ પાસે ગયા. 'અમને ત્યાગી કરો.' મહારાજ કહે ખાવા નહિ મળે બાવા મારશે, ટાઢ તડકો વેઠવો પડશે, દુઃખ પડશે માટે તમારા મનને પૂછો. થોડે દૂર જઈ બંને મનને શિખામણ દેવા લાગ્યા, હે મનવા ! આ દેહે પરમેશ્વર નહિ ભજાય તો કૂતરાં, ગધેડા કે બીજાં જાનવરના જન્મ ધરવા પડશે. કોઈ ખાવા નહીં આપે, મારશે. માટે ભગવાનની આજ્ઞા પાળવાથી દુઃખ નહિ આવે. નક્કી કરી મહારાજ પાસે ગયા. એકે કેડિયાની કસો તોડી. હવે ક્યાં પહેરવું છે. મહારાજે તેમનો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈને કહ્યું, 'તમે પરમહંસ થઈ ગયા માટે અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમ કરો. તમને સંસારનું બંધન નહિ નડે. આજ્ઞા શિરે ચઢાવી બંને ઘેર ગયા તો પણ સંસારમાં મન ન લાગ્યું. કૃષ્ણજીને દૃઢ નિશ્ચય નહિ. તેથી મૂળજીને કહે જો શ્રીજીમહારાજ ભગવાન હોય તો તું પાછો કેમ આવે ? મૂળજી કૃષ્ણજીને લઈ મહારાજ પાસે આવ્યા. મહારાજનાં દર્શને જ નિશ્ચય થઈ ગયો. હવે ઘેર જવું નથી. ઘરનાનો પત્ર આવ્યો. મહારાજે ઘેર જવા આજ્ઞા કરી. પણ ઘેર ન ગયા. રસ્તામાં વંથળીમાં શેઠને ત્યાં સાથી તરીકે બાર મહિને સાઈઠ રૂા. એ રીતે રહ્યા. પછી મહારાજ પાસે આવ્યા સાધુ કરો. મહારાજે પૂછયું અત્યાર સુધી ક્યાં હતા ? ઘરનાં તેડવા આવ્યા છે સાધુ થવા માટે રજાચિઠ્ઠી લાવો. ઘરનાએ રજાચિઠ્ઠી ન આપી. બંનેએ રસ્તામાં પોતાની ઈન્દ્રિય કાપી નાખી. સ્ત્રીઓ ઉદાસ થઈને જતી રહી. મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને વિમુખ કર્યા. છેટેથી દર્શન કરે. બાર મહિને ગઢડે દર્શને ગયા. મહારાજે કાઢી મૂકાવ્યા. ઘેલાને કાંઠે બેસી પરજ રાગનાં કીર્તન ગાતા. મહારાજ કહે અમારો ઢોલિયો તણાય છે તેમને દૂર કાઢો. પાળા કાઢી મૂકવા આવ્યા. ત્યારે પગે લાગી કહે મહારાજને કહો જેમ કહો તેમ કરશું પણ અમે કચ્છી અહીંથી સો જણ ઉઠાડશે પણ ઉઠશું નહીં. મહારાજે બોલાવ્યા. મહારાજ કહે આમને અમે હડકાર્યા તોયે નિશ્ચય ન મટ્યો. તેમને અહીં રાખો. મૂળજીને દીક્ષા આપી ઘનશ્યામાનંદ નામ પાડ્યું. કૃષ્ણજીને દીક્ષા આપી સર્વજ્ઞાનંદ નામ પાડ્યું અને અમદાવાદના મહંત બનાવ્યા. આવો મહિમાએ સહિત નિશ્ચય તેથી શ્રીજીમહારાજની ખૂબ પ્રસન્નતા પામ્યા.

૨. જેતલપુરની ગણિકા (૧૧/૨૯) જેતલપુરના યજ્ઞમાં અસંખ્ય બ્રાહ્મણો જમાડવાના હોવાથી મહારાજ ઘરોઘર ઘઉં દળવા આપતા - મહારાજ ફરતાં ફરતાં ગણિકાના ઘર પાસે - મહારાજમાં વૃત્તિ સ્થિર - મહારાજ પાસે ઘઉં દળવાની ઈચ્છા બતાવી - બદલામાં શું આપશો - મહારાજ આશીર્વાદ આપીએ છીએ. મહારાજે જાતે દળવાની શરત કરી ઘઉં દળવા આપ્યા. ગણિકા નાહીને સ્વચ્છ થઈને પોતાના હાથે જ બધા ઘઉં દળ્યા - હાથમાં ફોલ્લા પડી લોહીના ટશિયા - દળેલાં ઘઉંનો લોટ લઈ મહારાજ પાસે સભામાં આવી. સભા જનોને શંકા જાતે નહિ દળ્યું હોય. મહારાજે હાથ બતાવવા કહ્યું. હાથ જોઈને શંકાનું નિવારણ થયું. મહારાજના આશીર્વાદ 'જા તારૂં મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થશે.' બાઈનો ભક્તિભાવ તથા પરિવર્તન જોઈ સભામાં આશ્ચર્ય.

૩. આજ્ઞા (૨૨/૬૫) અથવા સર્વ સત્સંગીએ શિક્ષાપત્રીમાં મહારાજે કહ્યા પ્રમાણે કરવું તે આજ્ઞા. મહારાજ પણ શિક્ષાપત્રીમાં કહે છે 'શિક્ષાપત્રી પ્રમાણે નહી વર્તે તે અમારા સંપ્રદાય થકી બહાર છે. ગણેશ અને કાર્તિકેયના દૃષ્ટાંતમાં પણ ગણેશે માતાની આજ્ઞા પ્રમાણે ગાયરૂપી પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં માતાજીનો રાજીપો અને કન્યા બેય મળ્યા. ભાદરાના ચાર કણબીઓએ મહારાજની આજ્ઞા પાળી તો મહારાજનું સુખ મળ્યું અને તેમના ખેતરો અકબંધ રહ્યાં. જયારે આજ્ઞા ન પાળનાર મહારાજના સુખથી વંચિત રહ્યા અને ખેતરો પણ ખલાસ થયા. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ભગતજી ગિરનારને બોલાવવા ગયા. જાગાસ્વામી સાંખડાવદરના બીડમાં સોળ દિવસ ખડ સાચવવા રહ્યા તો નિરાવરણ દૃષ્ટિથી સમૈયા ઉત્સવ અને કથાવાર્તાનું સુખ મેળવ્યું કારણ કે ગુણાતીતાનંદ સ્વામી કહે છે અમે જે જે આજ્ઞા કરીએ તેમાં મહારાજની મૂર્તિ આપીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે 'આજ્ઞા પળે તેટલી વાસના બળે.' શ્રીજીમહારાજ પણ વચનામૃત ગ.મ.૫૧માં કહે છે 'આજ્ઞામાં વર્તે છે તે જ આત્મસત્તા રૂપે વર્તે છે.' ઉપનિષદમાં સત્યકામ જાબાલિ, ઉપમન્યુ વગેરેએ આજ્ઞા પાલનથી મેળવેલ સુખના દાખલા જોવા મળે છે. આપણે માટે મુખ્ય આજ્ઞા નિજાત્માનં બ્રહ્મરુપં છે. પરમ એકાંતિક સત્પુરુષ પ્રમુખ સ્વામીની આજ્ઞાઓનું દૃઢપણે પાલન કરી તેમનો રાજીપો મેળવવાથી સુખ મળે છે. માટે ભગવાન કે સંતની આજ્ઞા લોપવી નહિ.

૪. **માનસી પૂજા (૧૪/૪૩)** માનસી પૂજા એટલે શ્રીજીમહારાજના આદેશ મુજબ મને કરીને કલ્પ્યા જે ચંદન-પુષ્પાદિક ઉપચાર તેણે કરીને ભગવાનની પૂજા કરવી તે માનસી પૂજા. મહિમાએ સહિત રોમાંચિત ગાત્રે કરીને કરેલી પ્રત્યક્ષ પૂજા કે માાનસી પૂજા બંનેનું ફળ સરખું છે. (સા.૩) પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરી ત્રણ ગુણ, ત્રણ દેહ અને ત્રણ અવસ્થાએ રહિત થઈને પાંચ સમયની માનસી પૂજા કરવી જોઈએ. (૧) મંગળા તથા શણગાર આરતી સમયની માનસી પૂજામાં ભગવાનને નિત્યકર્મ કરાવી, શણગાર ધરાવી થાળ કરવો. (૨) રાજભોગ આરતી સમયે મહારાજને ભાવતાં ભોજન, જળ અને મુખવાસ ધરાવી પોઢાડવા. (૩) મધ્યાહન પછીની માનસી પૂજામાં મહારાજને મુખ ધોવા જળ આપી ફળફળાદિ ધરાવવાં. (૪) સંધ્યા સમયે કથારસનું પાન કરાવી રહેલા મહારાજ તથા આરતી વગેરેનું ચિંતવન કરી થાળ કરવો. (૫) રાત્રે કથા તથા સ્વાભાવિક ચેષ્ટા કરી મહારાજને પોઢાડવા. ઋતુ અનુસાર વસ્ત્રો અને ફળફળાદિક ધરાવવા ભગવાન સાથે તેમના ઉત્તમ ભક્તની તથા ગુરુ પરંપરાની માનસી પૂજા શાસ્ત્રસંમત છે. (૪૫)

પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)

☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ આનો અર્થ લખો ? (૧૫/૪૭)
જ. આશ્રિતોમાં બ્રહ્મવિદ્યા પ્રવર્તાવનારા.
૨. શ્રીજીમહારાજે કયા બે વચનામૃતમાં સોમલા ખાચરની પ્રશંસા કરી છે ? (૧૦/૨૯)
જ. કારિયાણી- ૬ અને ગ.અં.૨૪માં શ્રીજીમહારાજે સોમલા ખાચરની પ્રશંસા કરી છે.
૩. જેઠામેર અને તેમનાં ધર્મપત્ની ક્યારથી બ્રહ્મચર્યવ્રત પાળતા હતા ? (૧૬/૫૨)
જ. જેઠામેર અને તેમનાં ધર્મપત્ની કૃતયુગથી બ્રહ્મચર્યવ્રત પાળતા હતા.
૪. ગુણાતીતાનંદ સ્વામીએ કયા દોષોને સત્સંગમાંથી પડવાના હેતુ ગણાવ્યા છે ? (૭/૧૭)
જ. ગુણાતીતાનંદ સ્વામીએ હઠ, માન, ઈર્ષા એ ત્રણ દોષોને સત્સંગમાંથી પડવાના હેતુ ગણાવ્યા છે.
૫. સપાર્ષદ ધ્યાન એટલે શું ? (૧૩/૪૩)
જ. સપાર્ષદ ધ્યાન એટલે ભક્તમંડળ સહિત ભગવાનનું ધ્યાન કરવું તે.
૬. સંપ્રદાયની પુષ્ટિ કેવા શાસ્ત્રથી થાય છે ? (૧૨/૩૧)
જ. પોતાના ઈષ્ટદેવના જે જન્મથી દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે.

પ્ર.૫ 'રાજાને પાણી ન પાયું .....' (૨૭/૮૩) - **સ્વામીની વાત પૂર્ણ કરી નિરૂપણ કરો. (કુલ ગુણ : ૫)**

'રાજાને પાણી ન પાયું, તો પણ તેણે સંકલ્પ કર્યો હતો તેથી ગામ આપ્યું. તે જીવ પોતાના સ્વભાવ મૂકતા નથી, તેમ ભગવાન પણ પોતાનો સ્વભાવ મોક્ષ કરવાનો, તે મૂકતા નથી.

એક રાજા જંગલમાં શિકારની પાછળ દૂર નીકળી ગયો. તેને પાણીની ખૂબ તરસ લાગી. દૂર એક ખેતરમાં ખેડૂતને કામ કરતો જોયો. ત્યાં પાણી મળશે તેવા વિચારથી રાજા ત્યાં ગયો. અને વિચાર કર્યો જો પાણી પીવરાવે તો મારે એક ગામ બક્ષિસ આપવું. ખેડૂતે પણ દૂરથી રાજાને આવતા જોયા. તેને વિચાર આવ્યો કે આવા હિંસક માણસને મારે પાણી પાવું નથી. એમ વિચારી જે પાણી હતું તે ઢોળી દીધું. રાજાએ તે જોયું છતાં સંકલ્પ કર્યો હતો તેથી ગામ બક્ષિસ આપ્યું. આ દ્દષ્ટાંત આપી સ્વામી સમજાવે છે કે જીવ ભગવાન અને સંતના આશરે આવે તો પણ સ્વભાવ ન મૂકે. ત્યારે ભગવાન પણ પોતાનો મોક્ષ કરવાનો સ્વભાવ કેમ મૂકે ? મગનીરામ દેવીવાળાનો મહારાજે મોક્ષ કરવાનો વિચાર કર્યો હતો તો ઐશ્વર્ય બતાવી, તેની દેવી દ્વારા જ પોતાનો મહિમા સમજાવી સત્સંગી કર્યા, સાધુ કર્યા ને મોક્ષ કર્યો એ જ ભગવાનની કૃપા.

પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)

☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.

વિષય : મગનભાઈ (૩૩/૯૫) જવાબ : ૧, ૩, ૫, ૮, ૯.

પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)

૧. વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ, જેને ભજતાં છૂટે ફંદ કરે ભવ પારને રે લોલ.
સમરું પ્રકટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ, જેને ભવ-બ્રહ્માદિક દેવ ભજે તજી કામને રે લોલ. (૨૧/૬૩)
૨. જયસિ કમલાપતિ જયસિ નૈષ્ઠિક જતિ, જયસિ ત્વં ભજત પુરુષ અકામી;
જયસિ પરમેશ્વર ! તવ ચરણ શરણ મેં, આયો પ્રેમાનંદ ગરુડગામી. (૨/૯)
૩. કેદી દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ, દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ.
દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ, દેશો મા હરિજનનો અભાવ, દેશો અહંકારી સ્વભાવ. (૨૬/૭૮)
૪. શિર પર પુષ્પનો મુગટ સોહામણો, શ્રવણ પર પુષ્પના ગુચ્છ શોભે,
પુષ્પના હારની પંક્તિ શોભે ગળે, નીરખતાં ભક્તના મન લોભે.
પચરંગી પુષ્પનાં કંકણ કર વિષે, બાંયે બાજુબંધ પુષ્પ કેરાં,
ચરણમાં શ્યામને નૂપુર પુષ્પનાં, લલિત ત્રિભંગી શોભે ઘણેરાં. (૬/૧૬)

પ્ર.૮ નીચે આપેલા જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)

૧. અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમ :, સાકારબ્રહ્મવર્ણનાય નમ :, સ્વામિનારાયણાય નમ :, સ્વામિને નમ :, કાલદોષનિવારકાય નમ :, સચ્છાત્રવ્યસનાય નમ : (૧૫/૪૮)

૨. मायामयाकृतिततमोऽशुभवासनानां कर्तुं निषेधमुरुधा भगवत्स्वरूपे ।
निर्बीज- साङ्ख्यमतयोगगयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥ (૯/૨૫)

૩. **ગુજરાતી ભાષાંતર :** દિવ્ય વિશુદ્ધ વાસુદેવરૂપી અક્ષરધામમાં નિવાસ કરનારા, નરકથી તારનારા, નારાયણ જેનું નામ છે, તેમજ શ્યામ તથા શ્વેત વર્ણવાળા, હંમેશાં બે ભુજાઓથી શોભનાર, કોઇ વાર ચાર ભુજાથી શોભતા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર ! આપને શરણે હું જાઉં છું. (૯/૨૪)

(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, આઠમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮)

પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ **નોંધ : - કોણ - ૧, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. **"તમે તો મંદિરનું કામ કર્યા કરો છો."**(૨૯/૫૦) નિત્યાનંદ સ્વામી - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)
નિત્યાનંદ સ્વામી જૂનાગઢમાં સ્વામીનો સમાગમ કરવા આવ્યા ત્યારે સ્વામી સભામાં પણ તેમની પાસે જ વાતો કરાવતા હતા ત્યારે કહ્યું.

૨. **"એ તો એમ ને એમ છે."** (૫/૧૫) મૂળજી - મહારાજને
મહારાજે મૂળજીની પરીક્ષા કરવા કહ્યું : તમને સાધુ કરીએ પણ તમે તમારું ઘર બાળીને આવ્યા છો ? કે એમ ને એમ રાખીને ત્યારે.

૩. **"મને આપનું જ્ઞાન આપો. હું તે પ્રવર્તાવીશ."** (૪૬/૭૩) પ્રાગજી ભક્ત - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)
સારંગપુરમાં સ્વામીએ ભગતજીને કહ્યું અમે આટલા દિવસ તો જ્ઞાન ભેગું કરતા હતા પણ હવે તો ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાન કોઈ પાત્ર મળે તો તેને તે જ્ઞાન આપવું છે ત્યારે.

પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)

૧. **ગુણાતીતાનંદ સ્વામીએ પોતાનો લાડુ એક સંતને આપી દીધો. (૨૦/૩૬)**
મહારાજ સંઘ સાથે ગઢડાથી વરતાલ જતા હતા ત્યારે બરવાળામાં દરેક સંતોને મહારાજે પાકનો લાડુ આપ્યો હતો. મહારાજ બરવાળાથી નીકળ્યા તે સમયે રસ્તામાં મહારાજ સન્મુખ રહીને દોડવાથી મહારાજનાં દર્શનનો લાભ મળે તે માટે જોડમાં દોડનાર પણ એક સાધુ જોઈએ તે માટે પોતાની સાથે દોડવા તૈયાર થનાર સાધુને સ્વામીએ પાકનો લાડુ આપી દીધો અને પોતે મહારાજની સન્મુખ ખેતરોમાં, કાંટાઓમાં દેહની દરકાર કર્યા વગર દોડતા જાય ને મહારાજનાં દર્શન કરતા જતા હતા. મહારાજ પણ તેમની અસીમ શ્રદ્ધા જોઈને હસતા જતા હતા.

૨. **હંસરાજ પટેલે પોતાની અવળાઈનું ફળ અનુભવ્યું. (૪૧/૬૭)**
ભાયાવદરના હંસરાજ પટેલના દીકરાને વસ્તાને ભગવાન ભજવાની ઇચ્છા હતી. તેણે પિતાને સાધુ થવાની વાત કરી. જે હંસરાજ પટેલને ગમ્યું નહિ. તેઓ જૂનાગઢથી પરાણે વસ્તાને ઘેર લઈ ગયા. તેના પગમાં લાકડાની હેડ્ય નાખી ઓરડામાં પૂરી તાળું મારી દીધું. વસ્તો તો સ્વામિનારાયણનું ભજન કરતાં સ્વામીને સંભારવા લાગ્યો. સ્વામી ત્યાં પ્રગટ થયા. વસ્તાએ જૂનાગઢ લઈ જવા વિનંતી કરી અને વસ્તો નિરાવરણ થઈ જૂનાગઢ પહોંચી ગયો. વસ્તાને પાછો તેડી જવા હંસરાજ જૂનાગઢ આવ્યા ત્યારે સ્વામીએ કહ્યું : વસ્તાને ભગવાન ભજવા દ્યો, તમારે બીજા ત્રણ દીકરા છે. વસ્તો ભગવાન ભજશે તેમાં તમનેય ભાગ મળશે. વસ્તો દેહ મૂકી દેશે તો શું કરશો ? છતાં હંસરાજ માન્યા નહિ. રાત્રે વસ્તાને તાવ આવ્યો અને દેહનો ત્યાગ કર્યો.

૩. **ભોળાનાથે મૂળજી ભક્તને પ્રભુભજનમાં અંતરાય કરવાનું મૂકી દીધું.** (૨/૫)
પ્રભુ ભજનમાં લીન મૂળજીને ભોળાનાથે કહ્યું, 'આવું ભજન તો ઘરડા થઈએ ત્યારે કરીએ. અત્યારે તો રમો, જમો ને આનંદ કરો.' પિતાની વાત સાંભળી મૂળજી ઘરની બહાર ચાલ્યા ગયા. થોડીવારે પાછા આવી પિતાને કહ્યું, 'તમે ઘરડા થઈને ભગવાન ભજવાનું કહો છો પણ મે ગામમાં ફરીને જોયું કોઈ ઘરડા ભજન કરતા નથી. વૃદ્ધપણાને વાયદે રહીએ તો જુવાનીની કમાણી પણ જાય. આ દેહનો શો નિર્ધાર છે ?' મૂળજી ભક્તની સાચી વાત સાંભળી ભોળાનાથને આનંદ થયો અને પ્રભુ ભજનમાં અંતરાય કરવાનું મૂકી દીધું.

૪. **ભરવાડ સ્વામીના પગમાં પડ્યો અને તેમને ગુરુ કર્યા.** (૩૧/૫૩)
મુંજો સૂરુ દારૂ-માંસનું ભક્ષણ કરતો હતો. કોઈ પણ જીવની હિંસા કરવામાં ખચકાતો નહિ. રોજ ભરવાડોનાં ઘેટાંબકરાંને ઉપાડી જતો. તેને સ્વામીએ સમાધિમાં જમપુરીનો ત્રાસ બતાવ્યો. તેથી તેને ખૂબ પશ્ચાત્તાપ થયો અને સ્વામીને પ્રાર્થના કરી આવી જમપુરીમાં ન જવું પડે તેવી દયા કરો ! સ્વામીએ તેને વર્તમાન ધરાવી સત્સંગી કર્યો. આથી ભરવાડોને ઘણો આનંદ થયો. એકવાર સ્વામી વગડામાં રાત રોકાયા હતા ત્યારે એક ભરવાડ સ્વામીના પગમાં પડી બોલ્યો. મુંજાને સત્સંગી કરી તમે તો અમને ન્યાલ કરી દીધા. હવે તેનો ત્રાસ મટી ગયો છે. તમે ખરા સાધુ છો.

પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)

૧. **'અમારા તિલક' (૧૪/૨૯)** પંચાળામાં ભક્તરાજ ઝીણાભાઈના દરબારમાં એક વખત સભામાં મહારાજે સૌ સંતોને અહીંની ચંદન જેવી પીળી માટીના ખડા આપ્યા અને સંતોને તિલક કરવા આજ્ઞા કરી. બીજે દિવસે સવારે મહારાજે જોયું તો કોઈ સંતોના કપાળમાં તિલક નહોતા મહારાજે આનું કારણ પુછયું ત્યારે સંતોએ કહ્યું કે તિલક શાનાથી કરવું ? કારણ કે આગલા દિવસે આપેલા માટીના ખડા સૌ મહારાજની પ્રસાદી જાણીને ખાઈ ગયા હતા. તેથી સૌ ભોંઠા પડી ગયા. મહારાજે ફરીથી સૌને ખડા આપાવ્યા. બીજે દિવસે સૌ ભેંસભડકામણાં તિલક કરીને આવ્યા. આ જોઈ મહારાજ ખૂબ હસ્યા. પછી પોતાના તિલક સમાન પ્યારા સંતની સૌને ઓળખાણ કરાવવા મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં પોતાના શુભહસ્તે સુંદર મજાનું તિલક અને તેની મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. પછી સ્વામીને બતાવતાં સૌ સંતોને સંબોધીને કહ્યું 'જુઓ, અમારા તિલક.' વળી આગળ વધુ સ્પષ્ટતા કરતાં મહારાજ બોલ્યા 'હું જેવો કોઈ ભગવાન નથી, આ જેવા કોઈ સાધુ નથી.'

૨. **'સેવા કરે તે મહંત' (૪૩/૬૮)** સ્વામી જૂનાગઢમાં બિરાજતા હતા. એકવખત મંદિરમાં તેઓ વાસીદું વાળતા હતા. તે વખતે ત્યાં તરણેતરના મહંત આવ્યા. સ્વામીને તેમણે પૂછયું, 'આ જગ્યાના મહંત કોણ છે ?' સ્વામીએ નમ્રતાથી કહ્યું, 'મહંત અંદર ગાદી ઉપર બેઠા હશે.' એમ કહી હાથ-પગ ધોઈ સભામંડપમાં પધાર્યા. તરણેતરના મહંતને સ્વામીને જોઈને ખૂબ નવાઈ લાગી. તેમણે પૂછયું, 'તમે તો હમણાં વાસીદું વાળતા હતા તે તમે જ મહંત છો ?' સ્વામીએ હસતા હસતા કહ્યું, 'અમારે ત્યાં જે સેવા કરે તે જ મહંત હોય છે.' પછી ખીંટીએથી ઝોળી ઉતારીને મહંતને બતાવી. સ્વામીની પૂજામાં તિલકિયું પણ લાકડાનું. ધાતુ તથા અન્ય પદાર્થનું નામ નહિ અને પહેરવાનાં કપડાં પણ જાડાં. તે મહંતને ખૂબ નવાઈ લાગી કે મહંત થઈને આવી સેવા કરતા હશે ? આમ સ્વામી મહંત હોવા છતાં નીચામાં નીચી સેવા કરતા.

૩. **સ્વામી ઉપશમમાં (૩૪/૫૯)** એક દિવસ મહાપૂજા થતી હતી. સ્વામી એકદમ ઉપશમમાં ઉતરી ગયા. કાંઈ બોલે નહિ, બોલે તો 'હે રાજા રહુગણ ! તું એકોવિદ છો.' આ સમાચાર ચારેબાજુ - સૌ સંતો હરિભક્તો જૂનાગઢ આવવા લાગ્યા. સ્વામી સામે અનિમિષ દૃષ્ટિ ચોથે દિવસે ચાર વાગે ઠાકોરજી ઊઠ્યા. સ્વામી પોતાની મેળે ઊઠ્યા. સભામાં પોતાના આસને - સ્વામી 'આ ટાણે તમારાં સૌના મન મારા વિષે સ્થિર - તેવા જો અખંડ રહે તો તમારે કાંઈ કરવાનું રહ્યું નથી. કપડાં વેંચતા વેપારીનું દૃષ્ટાંત આપી કહ્યું, 'બીજા સંતો અક્ષરધામથી મહારાજના સ્વરૂપના જ્ઞાનની ગાંસડીઓ લઈ આવ્યા. પણ પાત્ર કુપાત્રના વિચારમાં જ્ઞાનની ગાંસડીઓ પાછી અક્ષરધામ લઈ ગયા. અમે મહારાજના સર્વોપરી પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન, અક્ષરના સ્વરૂપનું જ્ઞાન પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વગર કહેવા માંડ્યું છે.' પછી બોલ્યા. તમારી તમામ વૃત્તિનો નિરોધ કરી અમને જોઈ રહ્યા છો. એમ જો કાયમ રહે તો તમારી ગ્રંથિઓ ગળી જાય અને વાસનાનો નાશ થઈ જાય.

પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)

☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં કેટલું રહ્યા ? (૫૦/૭૯)
જ. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં ચાલીસ વર્ષ રહ્યા. **અથવા** ચાલીસ વર્ષ, ચાર માસ, અને ચાર દિવસ રહ્યા.
૨. ગુણાતીતાનંદ સ્વામીને શું જમતા જોઈ નાગર ભક્ત નિઃસ્વાદી થયા ? (૩૮/૬૪)
જ. ગુણાતીતાનંદ સ્વામીને રોટલાના ખૂરમામાં (શેકેલા રોટલાનો ભૂકો) અને છાશ જમતા જોઈ નાગર ભક્ત નિઃસ્વાદી થયા.
૩. જૂનાગઢમાં મંદિર કરવા જમીન કોણે આપી ? (૨૨/૪૦)
જ. પંચાળાના ઝીણાભાઈ દરબારે જૂનાગઢમાં મંદિર કરવા જમીન આપી.
૪. મૂળજી ભક્તને દીક્ષા ક્યાં અને ક્યારે આપી ? (૫/૧૬)
જ. મૂળજી ભક્તને ડભાણમાં સંવત ૧૮૬૬માં પોષ માસની પૂનમે દીક્ષા આપી.
૫. કારિયાણીમાં સંતોએ સ્વામીને સમૈયામાં જઈ શું કરવા કહ્યું ? (૧૨/૨૭)
જ. કારિયાણીમાં સંતોએ સ્વામીને સમૈયામાં જઈ પોતા વતી મહારાજને ભેટવા કહ્યું.
૬. મૂળજીને ઘેર મહારાજ ક્યા ભક્તો સાથે જમવા પધાર્યા ? (૪/૧૦)
જ. મહારાજ વશરામભાઈ, ડોસાભાઈ, રત્નાભાઈ વગેરે ભક્તો સાથે મૂળજીને ઘેર જમવા પધાર્યા.

પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)

☞ નોંધ :- પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.

૧. **એકાત્મતા (૧૫/૩૦)** એક વખત મહારાજ અક્ષર ઓરડીમાં સભા ભરીને બેઠા હતા. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ, મૂળજી બ્રહ્મચારી વગેરે સંતો હાજર હતા. તે વખતે સ્વામી, કૃપાનંદ સ્વામી સાથે ઘેલા નદીમાં નાહવા ગયા હતા. અહીં ખળખળિયામાં સ્નાન કરવા જતાં સ્વામીનો એક પગ ભેખડમાં ભરાઈ ગયો. કોઈ રીતે પગ નીકળે તેમ હતું નહિ. ત્યાં મહારાજે એકાએક દર્શન દઈ સ્વામીને ધીરેથી પગ કાઢવા કહ્યું. બરાબર એ જ પ્રમાણે મહારાજ અક્ષર ઓરડીમાં પણ બેઠાં બેઠાં બોલી રહ્યા હતા. પ્રસંગ વગર આ વાત સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને તેનું કારણ પૂછયું. ત્યાં મહારાજ ફરી બોલ્યાં કે 'અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે.' મૂળજી બ્રહ્મચારી કહે, 'મહારાજ ! આપ તો ઢોલિયા

ઉપર બેઠા છો, તો અહીં પગ ક્યાં ભાંગશે ?'' એટલે મહારાજ હસ્યા અને બોલ્યા, 'અમારા ધામ જે ગુણાતીત તેમનો પગ ખળખળિયાની બખોલમાં આવી ગયો હતો તે માંડ કાઢ્યો. આ પ્રમાણે મહારાજે પોતાના ધામરૂપ અક્ષર ગુણાતીતાનંદ સ્વામીની સાથેનો પોતાનો એકાત્મભાવ બતાવ્યો.

ભાવાર્થ :- બ્રહ્મ અને પરબ્રહ્મની એકાત્મતા છે. તો તે કોઈક પ્રસંગે મહારાજ પ્રત્યક્ષ બતાવી પ્રતીતિ કરાવે છે.

૨. **દર્શનનો ખપ (૭/૧૯)** સંવત ૧૮૬૮ની એક કૃષ્ણપક્ષની રાત્રિએ ઝરમર ઝરમર વરસાદ વીજળીના ઝબકારા અને મેઘના કડાકા સાથે વરસતો હતો. સૌ સંતો મહારાજનાં પ્રત્યક્ષ દર્શન અને સમાગમનું સુખ લઈ પોતપોતાના આસને પાછા ફર્યા હતા. એ વખતે ગુણાતીતાનંદ સ્વામી એક ઓરડાની ભીંતે જરા ઓથ હતી ત્યાં વરસાદથી કંઈક બચતા મહારાજનાં દર્શનની અભિલાષાએ ચકોરની માફક નેવા નીચે અર્ધભીંજાતા ઊભા હતા. એવામાં મુક્તાનંદ સ્વામી કંઈક કારણસર ઓરડાની બહાર આવ્યા ને ત્યાં કોઈકને ઉભેલા જોઈ કોણ છે? એવું પૂછ્યું, સ્વામીએ નમ્રભાવે ધીરેથી જવાબ આપ્યો કે, 'હું નિર્ગુણાનંદ. મહારાજ દરબારગઢમાં વાતો કરવા ગયા છે.' તે પાછા પધારે ત્યારે દર્શનની ઝાંખી થઈ જાય તે આશયથી અહીં ઊભો છું.' મહારાજનાં દર્શનની આવી તેમની તીવ્ર આસક્તિ જોઈ મુક્તાનંદ સ્વામી વિસ્મય પામી વિચારવા લાગ્યા કે, મહારાજની મૂર્તિને અખંડ અંતરમાં દેખે છે તો પણ પ્રત્યક્ષ દર્શનની કેટલી તાણ છે ? નથી દેહની દરકાર કે નિદ્રાની પણ જરૂર નથી ! સ્વામી મોડી રાત સુધી અર્ધભીંજાયેલી સ્થિતિમાં, શીતળ પવનથી ધ્રૂજતા ઊભા રહ્યા. મહારાજ દરબાર ગઢમાંથી ભગવદ્વાર્તા કરીને પાછા ફરતા હતા ત્યારે વીજળીના પ્રકાશમાં મહારાજનાં દર્શનની ઝાંખી કરી લઈ ઘેલાને કાંઠે ઝાડ નીચે જઈને સૂતા. પોતે મહારાજને અખંડ ધારી રહ્યા હોવા છતાં તેમને દર્શનની કેટલી તાણ હતી કે તેઓ દેહનો અનાદર કરતા. અહીં તેમની મહારાજ પ્રત્યેની પરાભક્તિના દર્શન થાય છે.

ભાવાર્થ:- સાધન કરતાં કરતાં અખંડ અતંરમાં મૂર્તિ દેખાય છતાં ભગવાનનું જે પ્રત્યક્ષ સ્વરૂપ હોય તેના દર્શનની પણ તેટલી જ તાણ રાખવી જોઈએ.

૩. **ક્ષમાશીલ (૧૩/૨૮)** કૃપાનંદ સ્વામી સાથે ગુણાતીતાનંદ સ્વામી અને સંતો વિચરણ કરતા કરતા જૂના સાવર ગામે આવી પહોંચ્યા. આ ગામનો ધણી ઉગો ખુમાણ ભેખના શબ્દોથી ભરમાઈને સત્સંગનો ખૂબ દ્વેષ કરતો હતો. ગુણાતીતાનંદ સ્વામી અને સંતો ગામમાં ઝોળી માંગવા નીકળ્યા. ઉગા ખુમાણને કોઈએ જણાવ્યું કે સ્વામિનારાયણના મુંડિયા આવ્યા છે. તેણે તરત જ પોતાના માણસો દ્વારા સંતોને ગામ બહાર કઢાવ્યા. ઠાકોરે પોતાના નોકરો તેમજ છોકરાઓ પાસે સંતો પર ધૂળ, કાંકરા, છાણ વગેરે નંખાવ્યું. માર પણ મરાવ્યો. છતાં સંતો કાંઈપણ બોલ્યા નહિ તેમજ ખરાબ વિચાર પણ કર્યો નહિ. ગામ બહાર નદી કાંઠે આવીને બેઠા. ત્યાં ગામના માણસો દ્વારા થતી વાત સાંભળી કે દરબાર આવો નિર્દય છે. સાધુઓનું અપમાન કરે છે તેથી ભગવાન દીકરો ક્યાંથી આપે ? આ સાંભળી સ્વામીને વિચાર આવ્યો કે દરબારનો દ્વેષ અણસમજણનો છે તેથી આપણે એવો સંકલ્પ કરીએ કે તેને ઘરે દીકરો થાય, તે સત્સંગી થાય અને આપણને ઉતારો આપે અને ઠાકોરની અણસમજણ દૂર થાય. બધાએ આ વિચાર ઉપાડી લીધો અને સૌએ ભેગા મળી શુભ સંકલ્પ કર્યો.

ભાવાર્થ :- શ્રીજીમહારાજની આજ્ઞા કોઈ મારે કે ગાળ દે તો સહન જ કરવું..... તે પ્રમાણે સંતોએ માર, ગાળો વગેરે સહન કર્યું સાથે સાથે મારનારનું પણ હિત થાય તેવો સંકલ્પ કરનાર મહારાજના સંતો તેથી જ બીજા સંતો કરતાં મૂઠી ઊંચેરા તરીકે સમાજમાં સ્થાન પામ્યા છે.

પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)

☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. ૨, ૪ (૨૫/૪૩)   ૨. ૨, ૩ (૪૩/૭૦-૭૧)

૩. ૩, ૪ (૪૯/૭૮, ૭૯)   ૪. ૧, ૨, ૩ (૩૮/૬૩)

❑ ❑ ❑